ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત

સ્પોર્ટ્સ સાઇડ

૧૧

સોમવાર
૨૯ એપ્રિલ,
૨૦૨૪



# જેક્સ-કોહલીના તોફાનથી RCBએ ગુજરાત ટાઇટન્સને 9 વિકેટે હરાવ્યું

**સાઇ** સુદર્શન અને શાહરૂખ ખાનની અર્ધસદીઓની મદદથી ગુજરાત ટાઇટન્સે 3 વિકેટે 200 રનનો સ્કોર બનાવ્યો

**વિલ** જેક્સની તોફાની સદી અને કોહલી સાથેની શતકીય ભાગીદારીથી આરસીબીએ 16 ઓવરમાં જ જીત મેળવી લીધી

**વિરાટ** કોહલીએ 44 બોલમાં નોટઆઉટ 70 રન કરીને આઇપીએલની સિઝનમાં સાતમી વખત 500 કે તેથી વધુ રન પુરા કર્યા



અમદાવાદ, તા. 28 (પીટીઆઇ) : આઈપીએલમાં આજે રવિવારે ડબલ હેડરની પ્રથમ મેચમાં અહીં વિલ જેક્સની નોટઆઉટ આક્રમક સદી અને વિરાટ કોહલી સાથેની તેની આક્રમક શતકીય ભાગીદારીની મદદથી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી)એ ચાર ઓવર બાકી રાખીને ગુજરાત ટાઇટન્સને નવ વિકેટે હરાવ્યું હતું. ગુજરાતે પ્રથમ બેટીંગ કરીને ત્રણ વિકેટે 200 રન બનાવ્યા હતા જ્યારે આરસીબીએ માત્ર 16 ઓવરમાં એક વિકેટના નુકસાને 206 રન બનાવ્યા હતા. આરસીબીની 10 મેચમાં આ ત્રીજી જીત હતી. જ્યારે ગુજરાતની 10 મેચમાં આ છઠ્ઠી હાર છે.

આરસીબી વતી પ્રથમ 17 બોલમાં માત્ર 17 રન બનાવનાર જેક્સે પોતાની નોટઆઉટ 100 રનની ઈનિંગમાં 5 ચોગ્ગા અને 10 છગ્ગા ફટકાર્યા હતા.

તેણે અનુક્રમે 15મી અને 16મી ઓવરમાં મોહિત શર્મા અને રાશિદ ખાન સામે 29-29 રન બનાવતાં કુલ 7 છગ્ગા અને 3 ચોગ્ગા ફટકાર્યા હતા. જેક્સે કોહલી સાથે બીજી વિકેટ માટે માત્ર 74 બોલમાં 166 રનની નોટઆઉટ ભાગીદારી કરી હતી. કોહલીએ તેની 44 બોલની ઈનિંગમાં 5 ચોગ્ગા અને 3 છગ્ગા સાથે નોટઆઉટ 70 રન ફટકાર્યા હતા. આ દરમિયાન કોહલીએ વર્તમાન આઈપીએલ સિઝનમાં 500 રન પૂરા કરીને સાતમી વખત છે આઈપીએલની એક સિઝનમાં 500થી વધુ રન પુરા કર્યા હતા.

આ પહેલા બી સાઈ સુદર્શનની 49 બોલમાં 8 ચોગ્ગા અને 4 છગ્ગા સાથેની 84 રનની નોટઆઉટ ઈનિંગ ગુજરાત ટાઈટન્સને 200 રનના સ્કોર સુધી લઈ ગઈ હતી.

સુદર્શને ત્રીજી વિકેટ માટે 58 રન કરનારા શાહરૂખ ખાન સાથે 45 બોલમાં 86 રનની ભાગીદારી કરીને ટીમને મેચમાં પરત લાવ્યા પછી 26 રન કરનારા ડેવિડ મિલર સાથે ચોથી વિકેટ માટે 36 બોલમાં 69 રનની નોટઆઉટ ભાગીદારી કરી હતી.

| ગુજરાત ટાઇટન્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સાહા કો.કર્ણ બો.સ્વપ્નીલ | 5 | 4 | 1 | 0 |
| ગીલ કો.ગ્રીન બો.મેક્સવેલ | 16 | 19 | 1 | 0 |
| સુદર્શન નોટઆઉટ | 84 | 49 | 8 | 4 |
| શાહરૂખ બો.સિરાજ | 58 | 30 | 3 | 5 |
| મિલર નોટઆઉટ | 26 | 19 | 2 | 1 |
| વધારાના | 11 | | | |
| કુલ (20 ઓવર્સમાં 3 વિકેટે) | 200 | | | |

વિકેટપતન : 1/6, 2/45, 3/131

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| સ્વપ્નીલ સિંહ | 3 | 0 | 23 | 1 |
| મહંમદ સિરાજ | 4 | 0 | 34 | 1 |
| યશ દયાલ | 4 | 0 | 34 | 0 |
| ગ્લેન મેક્સવેલ | 3 | 0 | 28 | 1 |
| કર્ણ શર્મા | 3 | 0 | 38 | 0 |
| કેમરન ગ્રીન | 3 | 0 | 42 | 0 |

| રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| કોહલી નોટઆઉટ | 70 | 44 | 6 | 3 |
| ડુ પ્લેસિ કો.શંકર બો.કિશોર | 24 | 12 | 1 | 3 |
| જેક્સ નોટઆઉટ | 100 | 41 | 5 | 10 |
| વધારાના | 12 | | | |
| કુલ (16 ઓવર્સમાં 1 વિકેટે) | 206 | | | |

વિકેટપતન : 1/40

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| અઝમતુલ્લા ઓમરઝઇ | 2 | 0 | 18 | 0 |
| સંદીપ વોરિયર | 1 | 0 | 15 | 0 |
| સાઇ કિશોર | 3 | 0 | 30 | 1 |
| રાશિદ ખાન | 4 | 0 | 51 | 0 |
| નૂર અહેમદ | 4 | 0 | 43 | 0 |
| મોહિત શર્મા | 2 | 0 | 41 | 0 |

# ગાયકવાડ સદી ચૂક્યો પણ સીએસકેએ સનરાઇઝર્સ સામે 213 રનનો લક્ષ્યાંક મૂક્યો

**ઋતુરાજ** ગાયકવાડે 98 રનની ઇનિંગ રમવા ઉપરાંત ડેરિલ મિચેલ સાથે શતકીય ભાગીદારી કરીને સીએસકેને 200 પાર પહોંચાડ્યું



ચેન્નાઈ, તા. 28 : આઈપીએલમાં આજે રવિવારે ડબલ હેડરની બીજી મેચમાં ઋતુરાજ ગાયકવાડ બે રનથી સદી ચૂક્યો હોવા છતાં તેણે અર્ધસદી કરનારા ડેરીલ મિચેલ સાથે શતકીય અને શિવમ દુબે સાથે 74 રનની ભાગીદારી કરીને ચેન્નાઈ સુપર કિંગ્સને 3 વિકેટે 212 રન સુધી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી અને સીએસકેએ સનરાઈઝર્સ હૈદરાબાદ સામે 213 રનનો લક્ષ્યાંક મૂક્યો હતો.

સનરાઈઝર્સ હૈદરાબાદે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડીંગ કરવાનો નિર્ણય કર્યા પછી પ્રથમ દાવ લેવા ઉતરેલી સીએસકેની શરૂઆત ખરાબ રહી હતી અને અજિંક્ય રહાણે સસ્તામાં આઉટ થયો હતો. જો કે તે પછી ગાયકવાડ 54 બોલમાં 98 રન ફટકારવાની સાથે જ ત્રીજા ક્રમે બેટીંગમાં ઉતરેલા મિચેલ સાથે મળીને 107 રનની ભાગીદારી કરીને ટીમને મુશ્કેલીમાંથી ઉગારી હતી. મિચેલ 32 બોલમાં 52 રન કરીને આઉટ થયા પછી ગાયકવાડે શિવમ દુબે સાથે 74 રનની ભાગીદારી કરીને ટીમનો સ્કોર 200 પર પહોંચાડ્યો હતો અને એ સ્કોર પર જ તે આઉટ થયો હતો. શિવમ દુબેએ 20 બોલમાં 39 રને નોટઆઉટ રહ્યો હતો અને તેની સાથે ધોની 5 રને નોટઆઉટ રહ્યો હતો.

## આઇપીએલ પોઇન્ટ ટેબલ

| ક્રમ | ટીમ | મેચ | જીત | હાર | પોઇન્ટ | રનરેટ |
|---|---|---|---|---|---|---|
| 1 | આરઆર | 9 | 8 | 1 | 16 | 0.694 |
| 2 | કેકેઆર | 8 | 5 | 3 | 10 | 0.972 |
| 3 | એસઆરએચ | 8 | 5 | 3 | 10 | 0.577 |
| 4 | એલએસજી | 9 | 5 | 4 | 10 | 0 .059 |
| 5 | ડીસી | 10 | 5 | 5 | 10 | -0.276 |
| 5 | સીએસકે | 8 | 4 | 4 | 8 | 0.415 |
| 7 | જીટી | 9 | 4 | 5 | 8 | - 0.974 |
| 8 | પીબીકેએસ | 9 | 3 | 6 | 6 | -0.187 |
| 9 | એમઆઇ | 9 | 3 | 6 | 6 | -0.261 |
| 10 | આરસીબી | 9 | 2 | 7 | 4 | -0.721 |

| ચેન્નાઇ સુપર કિંગ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| રહાણે કો.શાહબાઝ બો.ભુવનેશ્વર | 9 | 12 | 1 | 0 |
| ઋતુરાજ કો.રેડ્ડી બો.નટરાજન | 98 | 54 | 10 | 3 |
| મિચેલ કો.રેડ્ડી બો.ઉનડકટ | 52 | 32 | 7 | 1 |
| દુબે નોટઆઉટ | 39 | 20 | 1 | 4 |
| ધોની નોટઆઉટ | 5 | 2 | 1 | 0 |
| વધારાના | 9 | | | |
| કુલ (20 ઓવર્સમાં 3 વિકેટે) | 212 | | | |

વિકેટપતન : 1/19, 2/126, 3/200

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| ભુવનેશ્વર કુમાર | 4 | 0 | 38 | 1 |
| નીતિશ રેડ્ડી | 1 | 0 | 8 | 0 |
| શાહબાઝ અહેમદ | 3 | 0 | 33 | 0 |
| ટી નટરાજન | 4 | 0 | 43 | 1 |
| જયદેવ ઉનડકટ | 4 | 0 | 38 | 1 |
| પેટ કમિન્સ | 4 | 0 | 49 | 0 |

# KKR આજે આત્મવિશ્વાસ સભર દિલ્હી કેપિટલ્સથી સાવધ રહેવા માગશે

**કોલકાતા** નાઇટ રાઇડર્સે દિલ્હીના પાવર હિટર જેક ફ્રેઝર મેકગર્ક અને ટ્રિસ્ટન સ્ટબ્સથી પણ સાવધ રહેવું પડશે

**સાંજે** 7.30 વાગ્યાથી શરૂ થનારી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો સિનેમા પર



કોલકાતા, તા. 28 (પીટીઆઇ) આઈપીએલમાં આવતીકાલે સોમવારે જ્યારે કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર) અહીં પોતાના હોમ ગ્રાઉન્ડ પર દિલ્હી કેપિટલ્સ સામે મેદાને ઉતરશે ત્યારે તેમણે થોડા સતર્ક રહેવું પડશે. છેલ્લી પાંચમાંથી ચાર મેચ જીત્યા બાદ આત્મવિશ્વાસથી ભરેલી ઋષભ પંતની આગેવાની હેઠળની ટીમ કેકેઆરની નબળી બોલિંગનો ફાયદો ઉઠાવીને ટોપ ફોરમાં પહોંચવાનો પ્રયાસ કરશે. ઋષભ પંતની આગેવાની હેઠળની ટીમ ધીમે-ધીમે તેની ખામીઓને સુધારી રહી છે અને હવે એક મજબૂત ટીમની જેમ રમી રહી છે. બીજી તરફ, ગૌતમ ગંભીરના માર્ગદર્શન હેઠળની ટીમ કેકેઆરને છેલ્લી પાંચમાંથી ત્રણ મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે, જેના માટે તેમની નબળી બોલિંગ જવાબદાર હતી. દિલ્હી કેપિટલ્સમાં લુંગી એનગિડીના સ્થાને સામેલ કરાયેલા ઓસ્ટ્રેલિયાના જેક ફ્રેઝર મેકગર્કે ટોપ ઓર્ડરમાં પોતાની વિસ્ફોટક બેટિંગ વડે પોતાને એક્સ ફેક્ટર સાબિત કર્યો છે.

# તીરંદાજી વર્લ્ડ કપ : ભારતીય પુરુષોની રિકર્વ ટીમની 14 વર્ષ બાદ ઐતિહાસિક જીત

**ભારતીય** પુરુષ ટીમે ઓલિમ્પિક ચેમ્પિયન કોરિયાને હરાવીને ઐતિહાસિક ગોલ્ડ મેડલ જીત્યો

**અંકિતા** ભકત અને ધીરજની રિકર્વ મિક્સ્ડ ટીમે પણ બ્રોન્ઝ મેડલ જીત્યો



શાંઘાઈ, તા. 28 (પીટીઆઇ) : ભારતીય પુરૂષ રિકર્વ ટીમના ધીરજ બોમ્માદેવરા, તરુણદીપ રાય અને પ્રવીણ જાધવે 14 વર્ષ પછી રવિવારે અહીં તીરંદાજી વિશ્વ કપમાં વર્તમાન ઓલિમ્પિક્સ ચેમ્પિયન દક્ષિણ કોરિયાને હરાવીને ઐતિહાસિક જીત હાંસલ કરી હતી. વર્લ્ડકપ ફાઈનલમાં ભારતીય પુરૂષોની રિકર્વ ટીમની આ પ્રથમ જીત છે અને તેનાથી આગામી પેરિસ ઓલિમ્પિક્સમાં સ્થાન મેળવવાની તેમની તકો વધશે.

ધીરજ, તરુણદીપ અને પ્રવીણની ત્રિપુટીએ શાનદાર સંયમ દાખવીને એક પણ સેટ ગુમાવ્યા વિના ખૂબ જ મજબૂત કોરિયન ખેલાડીઓ સામે સરસાઈ મેળવી હતી. આર્મીનો 40 વર્ષીય તરુણદીપ ઓગસ્ટ 2010માં શાંઘાઈ વર્લ્ડકપની ચોથી આવૃત્તિમાં ગોલ્ડ મેડલ જીતનારી ટીમનો પણ ભાગ હતો. તે સમયે રાહુલ બેનર્જી, તરુણદીપ અને જયંતની રિકર્વ ટીમે જાપાનને હરાવ્યું હતું. ઈવેન્ટની ટોચની બે ક્રમાંકિત ટીમો વચ્ચેની મેચમાં ભારતે 5-1 (57-57, 57-55, 55-53)થી જીત મેળવી હતી. વર્તમાન વર્લ્ડકપમાં ભારતનો આ પાંચમો ગોલ્ડ મેડલ રહ્યો હતો.

આ શાનદાર સફળતા બાદ અંકિતા ભકત અને ધીરજની રિકર્વ મિક્સ્ડ ટીમે પણ બ્રોન્ઝ મેડલ જીતીને ભારતીય ટીમની ખુશીમાં વધારો કર્યો હતો. ભારતીય જોડીએ મેક્સિકોની એલેજાન્ડ્રા વેલેન્સિયા અને મેટિઆસ ગ્રાન્ડેની જોડીને 6-0 (35-31, 38-35, 39-37)થી હરાવી હતી. ભારતે આ વૈશ્વિક ઈવેન્ટમાં પાંચ ગોલ્ડ, બે સિલ્વર અને એક બ્રોન્ઝ મળીને કુલ 8 મેડલ જીત્યા હતા.

## માતા બન્યા પછી વાપસી કરનારી દીપિકા કુમારી ફાઇનલમાં હારતા સિલ્વરથી સંતોષ માનવો પડ્યો

મા બન્યા બાદ રમતથી દૂર રહેલી અનુભવી દીપિકા કુમારી મહિલા રિકર્વની વ્યક્તિગત ફાઇનલમાં પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન આપી શકી ન હતી. તેણે સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. માજી વર્લ્ડ નંબર વન ખેલાડીએ 30માં ક્રમાંકિત થયા બાદ સ્પર્ધાની શરૂઆત ખૂબ જ નીચા સ્થાને કરી હતી. તેણે ક્વાર્ટર ફાઈનલ અને સેમીફાઈનલમાં બે કોરિયન ખેલાડીઓને બહાર કરી દીધા હતા પરંતુ ફાઇનલમાં, દીપિકા હાંગઝોઉ એશિયન ગેમ્સ ચેમ્પિયન લિમ સિહ્યોન સામે સીધા સેટમાં 6-0 (26-27, 27-29, 27-28)થી હારી ગઈ હતી.



# ભારતીય મહિલા ટીમે પ્રથમ ટી-20માં બાંગ્લાદેશને 44 રને હરાવ્યું

**ભારતીય** મહિલાઓએ 7 વિકેટે 145 રન કર્યા પછી રેણુકા અને પૂજા વસ્ત્રાકરે બાંગ્લાદેશી ટીમને 101 રન સુધી સિમિત રાખી

સિલ્હેટ (બાંગ્લાદેશ), તા. 28 (પીટીઆઇ) : ભારતીય મહિલા ક્રિકેટ ટીમના બાંગ્લાદેશના પ્રવાસની આજે રવિવારે અહીં રમાયેલી પ્રથમ ટી-20માં 7 વિકેટે 145 રન સુધી સિમિત રહેલી ભારતીય ટીમની ઝડપી બોલર રેણુકા સિંહ અને પૂજા વસ્ત્રાકરની જોડીએ મળીને બાંગ્લાદેશની પાંચ વિકેટ લઈને તેમને 8 વિકેટે 101 રન સુધી સિમિત રાખતા ભારતીય ટીમે યજમાન ટીમને 44 રનથી હરાવી હતી.

ટોસ જીતીને બેટિંગ પસંદ કર્યા બાદ ભારતીય ટીમે કેપ્ટન હરમનપ્રીત કૌર અને યાસ્તિકા ભાટિયાના મિડલ ઓર્ડરમાં ઝડપી રન બનાવ્યા હતા, પરંતુ અંતે ઝડપ પકડી ન શકવાને કારણે સાત વિકેટે 145 રન જ બનાવી શકી હતી.

આ પછી રેણુકાના નેતૃત્વમાં બોલરોએ બાંગ્લાદેશને આઠ વિકેટે 101 રન જ બનાવી શક્યા. કેપ્ટન નિગાર સુલ્તાનાએ 48 બોલમાં 51 રનની અડધી સદીની ઈનિંગ રમી હતી પરંતુ તેને બીજા છેડે સપોર્ટ મળ્યો નહોતો. ભારત તરફથી રેણુકાએ 18 રનમાં ત્રણ અને પૂજા વસ્ત્રાકરે 25 રનમાં બે વિકેટ ઝડપી હતી.

## સુડોકુ ૪૭૭૮ - 'ક્રુતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૭ | | ૨ | | | ૪ | |
| | | ૨ | | | | | ૬ | |
| ૧ | | | | | ૫ | | ૩ | |
| ૮ | | ૩ | ૫ | ૭ | ૨ | ૪ | | ૬ |
| ૭ | | ૬ | ૪ | ૧ | ૩ | | ૯ | |
| ૪ | ૨ | | | | | ૭ | | ૩ |
| | | ૪ | ૧ | ૫ | | ૩ | | ૯ |
| | | ૯ | | ૮ | ૪ | ૬ | ૭ | |
| ૬ | | | ૩ | | ૭ | | ૨ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### રસ્તા વચ્ચેના ટાપુઓ

જૂના જમાનાના સાંકડા રસ્તાઓનો જમાનો દુ:સ્વપ્ન છે. કોર્પોરેશન ને ધન્યવાદ કે રસ્તાઓ ખૂબ સુધર્યા છે. નવા રસ્તાઓમાં વચ્ચે રોડ દિવાઈડર કહેવાતાં જમીનના પટ્ટાઓ ના ટાપુઓ છે. તેમાં વૃક્ષ , છોડ ઉગાડાય છે. એમાં ઔષધિ રોપાય તો કેટલું ઉત્તમ. લોકો લઈ જાય તે તો ઉત્તમ. સાદી તકલીફોની સારવાર જાણતા હોય તે જાતે કરી લે. શું ઉગાડાય? કાલે જોઈએ.

## આજનું પંચાંગ

**તા. 29/04/2024, સોમવાર**

**વિક્રમ સંવત :** 2080 **શાકે :** 1946
**વીર સંવત :** 2550 **માસ :** ચૈત્ર
**તિથિ:** વદ : પાંચમ : 07:58 પછી છઠ
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** વૈશાખ : 09
**નક્ષત્ર :** 28:43
**યોગ:** સિદ્ધ **કરણ :** ગર
**રાશિ :** ધન (ભ.ધ.ફ.ઢ.)
**દિવસ :** સામાન્ય
**સુરતમાં સૂર્યોદય :** 06:11 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:01
**નવકારસી :** 06:59
**પારસી વર્ષ :** 1393, આદર માસનો 18 મો રોજ
**મુસલમાન વર્ષ :** 1445, શવ્વાલ માસનો 19 મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાં:** ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
**રાહુ કાળ :** સવારે 07:30 થી 09:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ.લ.ઇ.):** નોકરીમાં પ્રગતિ અને વ્યવસાયમાં ગતિનો અનુભવ થાય. વિવેક બુદ્ધિથી તકનો લાભ લેવો.

**વૃષભ (બ.વ.ઉ.):** સ્વાર્થી અને ઇર્ષાળુથી નુકશાન થઇ શકે છે, કોર્ટ, કચેરીમાં સાવધાન રહેવું.

**મિથુન (ક.છ.ઘ.):** રોજના કામમાં સાથ મળે. નવાં કામમાં પરિવારની મદદ મળે. ઉત્સાહ વધશે.

**કર્ક (ડ.હ.):** નોકર-ચાકર-ચોર લુટારુથી સાવધાન રહેવું નવી નોકરીમાં સહ કર્મીઓની મદદ મળે.

**સિંહ (મ.ટ.):** મિત્રો સાથે નવી આર્થિક યોજના બને વિશ્વાસઘાતથી બચવું. આર્થિક લાભ થાય.

**કન્યા (પ.ઠ.ણ.):** મન પર ભાર રહેવાથી ધીરજ પૂર્વક નિર્ણય લેવા અચાનક સફળતા મળશે.

**તુલા (ર.ત.):** અચાનક અટકેલા કામમાં ગતિ આવશે. દલાલીના કામ થાય. પ્રવાસના કામ પાર પડે.

**વૃશ્ચિક (ન.ય.):** બહારના કામમાં જીવન સાથીનો સાથ મળે. સ્ત્રી વર્ગનો સાથ મળે.

**ધન (ભ.ધ.ફ.ઢ.):** મન, અશાંતિ રહે. વાહન ધીરે હાંકવું નોકરીમાં નવી તક મળે.ઘરમાં તાલમેળ રહે.

**મકર (ખ.જ.):** પડવા-વાગવાથી સાવધાન તથા લેવડ-દેવડમાં સભાન રહેવું.ખર્ચા વધશે.

**કુંભ (ગ.સ.શ.ષ.):** કોઇની વાતોમાં આવવું નહીં. ખાસ કરીને આર્થિક બાબતે. નવા મિત્રોથી સાવધાન.


**મીન (દ.ચ.ઝ.થ.):** સરકારી નોકરીયાતે સાવધાન રહેવું સમાજ જીવનમાં પ્રગતિ થાય.

## કોઇ પણ સાલમાં 29 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. ચડતીપડતી અને દોડધામનો અનુભવ તાય. માનસિક અશાંતિ સતત રહે. આરોગ્ય નરમ-ગરમ રહે. સમાજમાં અશાંતિ વધશે. જાહેર જીવનમાં સહન કરવાનું બને. સરકારી નોકરીયાતે લોભ લાલચથી બચવું. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. નવા ધંધા વ્યવસાયમાં નવી ટેકનોલોજીનો લાભ મળે. નવા રોકાણમાં ધીરજ રાખવી ઉંમર લાયકના વિવાહમાં વિઘ્નો આવે વર્ષની શરૂઆતમાં વારસાના કામમાં ગતિ આવે. જમીન, ખેતી, જાયદાદ બાબતે ઝઘડા ટાળવા. નવા ઘર, વાહન, મકાન બાબતે મિત્રો-વડીલોનો સાથ મળે. વિદ્યાર્થીઓને નવી તક મળે. વિદેશના કામ તથા વિદેશમાં વિદ્યાભ્યાસનાં કામમાં વિઘ્નો આવે. સંતાનોના કામની ચિંતા સતાવે આર્થિક બાબત ભીંસનો અનુભવ થાય. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈમાં નવી યોજના પાર પડે. જાન્યુઆરી, ફેબ્રુઆરીમાં ખર્ચા વધશે.

## શબ્દગુંફન - ૬૬૫૨

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**
૧. આરામ, વિસામો (૩)
૪. દુશ્મનાવટ (૨)
૭. બરતરફી, રજા (૪)
૮. ગૃહ, ઘર (૩)
૯. નજર, ધ્યાન (૩)
૧૧. વીતી ચૂકેલું (૨)
૧૨. લીન, ડૂબેલું (૩)
૧૪. શિવનો સેવક સમુદાય (૨)
૧૫. લીન, તલ્લીન (૪)
૧૭. ફળની ઇચ્છાવાળું (૪)
૧૯. હિંમત (૨)
૨૦. પુત્ર (૩)
૨૨. જીવ વિનાનું (૨)
૨૪. એક ગ્રહ (૨)
૨૬. બગલા જેવું એક પક્ષી (૩)
૨૭. મોહ પમાડનારું (૩)
૩૦. છેડો, નિવેડો (૨)
૩૧. એકનું એક વારંવાર કહેવું (૩)
૩૩. પોતાનો કરેલો બીજાનો પુત્ર (૩)
૩૪. સૂરજ (૨)
૩૫. આકાશ (૨)

**ઊભી ચાવી**
૧. ખેલ, મોજ (૩)
૨. પવન (૩)
૩. રસપૂર્વક (૪)
૫. જુદી જુદી જાતની રમતો (૬)
૬. વાંદરુ, કપિ (૩)
૧૦. રહેવાસી (૩)
૧૨. માછલાં પકડવાનો આંકડો (૨)
૧૩. પ્રતિજ્ઞા, સોગન (૩)
૧૫. માણસ (૩)
૧૬. ન સમજાય એવું (૨)
૧૮. રાજા, અભિપ્રાય (૨)
૧૯. નુકસાન (૨)
૨૧. નિરોગી (૨)
૨૩. નગારાં બનાવનાર (૪)
૨૪. ગાડું (૩)
૨૫. રસ્તો, વાટ (૨)
૨૭. પાક (૨)
૨૮. પગલું, ડગલું (૩)
૨૯. સેવક, નોકર (૩)
૩૨. સોનું (૨)



# પાકિસ્તાને ગેરી કર્સ્ટનને વનડે અને ટી-20ના અને ગિલેસ્પીને ટેસ્ટના મુખ્ય કોચ બનાવ્યા



**માજી** ઓલરાઉન્ડર અઝહર મહેમૂદને તમામ ફોર્મેટમાં ટીમના સહાયક કોચ તરીકેની જવાબદારી સોંપવામાં આવી

**ગેરી** કર્સ્ટન 22 મેથી ઈંગ્લેન્ડના પાકિસ્તાન પ્રવાસથી જવાબદારી સંભાળે તેવી અપેક્ષા

લાહોર, તા. 28 (પીટીઆઇ) : પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) એ રવિવારે વર્લ્ડકપ વિજેતા કોચ ગેરી કર્સ્ટનને વન ડે અને ટી-20 ઈન્ટરનેશનલ ટીમોના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કર્યા છે જ્યારે માજી ઓસ્ટ્રેલિયન ઝડપી બોલર જેસન ગિલેસ્પી ટેસ્ટ ક્રિકેટમાં મુખ્ય કોચની જવાબદારી સોંપાઇ છે. આ સાથે પાકિસ્તાનના માજી ઓલરાઉન્ડર અઝહર મહમૂદને તમામ ફોર્મેટ માટે ટીમના સહાયક કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યો હતો.

પીસીબીના વડા મોહસિન નકવીએ એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે ગેરી કર્સ્ટન અને જેસન ગિલેસ્પીની નિમણૂક એ દર્શાવે છે કે પાકિસ્તાન ક્રિકેટ ટીમને કેટલું મહત્વ આપવામાં આવ્યું છે અને વિદેશી કોચ અમારા ખેલાડીઓમાં કેટલી સંભાવનાઓ જુએ છે. તેમણે કહ્યું હતું કે અમે ટીમને શ્રેષ્ઠ સુવિધાઓ આપવા માંગીએ છીએ, તેથી જ અમે કર્સ્ટન અને ગિલેસ્પીની નિમણૂક કરી છે.

કર્સ્ટન 22 મેથી ઈંગ્લેન્ડના પાકિસ્તાન પ્રવાસની જવાબદારી સંભાળે તેવી અપેક્ષા છે જેમાં ચાર ટી-20 ઈન્ટરનેશનલ મેચ રમાશે. આ પછી ટીમ જૂનમાં યોજાનાર ટી-20 વર્લ્ડકપ માટે રવાના થશે. પાકિસ્તાન ગયા વર્ષે 50 ઓવરના વર્લ્ડકપના અંતથી પૂર્ણ-સમયના મુખ્ય કોચની શોધમાં હતું.

# પાકિસ્તાન મહિલા ટીમની ખેલાડીઓને અકસ્માત નડ્યો : પીસીબી

**પાકિસ્તાની** મહિલા ખેલાડીઓ કેમ્પમાંથી મંજૂરી વગર બહાર ગઇ હોવાનો પીસીબીનો ખુલાસો

લાહોર, તા. 28 (પીટીઆઈ): પાકિસ્તાનની રાષ્ટ્રીય મહિલા ટીમની અમુક ખેલાડીઓને અકસ્માત નડ્યો હતો જ્યારે તેઓ નિયમનો ભંગ કરીને કેમ્પમાંથી બહાર નીકળ્યા હતા, તે પૈકી ઓછામાં ઓછા બે ખેલાડીઓને ગંભીર ઈજાઓ થઈ હતી. વેસ્ટ ઈન્ડિઝ સામેની લિમિટેડ ઓવરની ઘરેલુ શ્રેણી માટે આ કેમ્પ આયોજિત કરાયો હતો, એમ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે (પીસીબી) રવિવારે જણાવ્યું હતું. પીસીબીએ આ ખેલાડીઓ વિરૂદ્ધ શિસ્તભંગના પગલા લીધા છે, એમ બોર્ડના અધ્યક્ષ મોહસીન નકવીએ જણાવ્યું હતું.

2 એપ્રિલથી 8 એપ્રિલ સુધી આયોજિત કરાયેલા કેમ્પમાંથી રાષ્ટ્રીય મહિલા ટીમની 5થી 6 ખેલાડીઓ સાંજે ટીમ મેનેજમેન્ટને જણાવ્યા વગર બહાર ગઈ હતી. આ ખેલાડીઓની સંખ્યા લગભગ અડધી ટીમ જેટલી હતી એટલે પીસીબીએ આ અકસ્માત અંગે કોઈ માહિતી મીડિયામાં આપી ન હતી. આ બનાવ બાદ પીસીબીએ ટીમની 24 કલાક સુરક્ષા માટે વરીષ્ઠ પોલીસ અધિકારીઓને નિયુક્ત કર્યા છે.